# પુરોવચન

પરમ પૂજ્ય શ્રીરમાનાથને શતસહસ્ર પ્રણામ.

આ અધ્યાત્મ એટલે શું?

આ કથા એટલે શું?

પહેલાં આપણે સમજીએ આ અધ્યાત્મ એટલે શું?

આપણે માનવો સતત શું શોધીએ છીએ? માનવીની શોધનાં કેન્દ્રો કેટલાં છે અને કયાં કયાં છે? માનવી સર્વ શોધનાં આઠ કેન્દ્રો છે?

૧. શાંતિ ૨. પ્રેમ ૩. જ્ઞાન ૪. શક્તિ ૫. આનંદ ૬. સૌંદર્ય ૭. અમરત્વ ૮. સાર્થક્ય.

માનવી આ આઠમાંના કોઈ ને કોઈ કેન્દ્રની શોધ માટે પ્રવૃત્તિશીલ રહે છે.

હવે પ્રશ્ન એ છે કે એવું કોઈ કેન્દ્ર છે, જે કેન્દ્રમાં આ આઠેય કેન્દ્રો કેન્દ્રિત થયેલ છે. અર્થાત્ એવું કોઈ કેન્દ્ર છે, જેની પ્રાપ્તિથી આ આઠેય કેન્દ્રોની પ્રાપ્તિ થઈ જાય છે. હા, છે. તેવું કેન્દ્ર છે. તે કેન્દ્રનું નામ છે : આત્મા! આત્માની પ્રાપ્તિથી આપણે ગણાવેલ

શાંતિ, પ્રેમ, જ્ઞાન આદિ સર્વ કેન્દ્રોની પ્રાપ્તિ થઈ જાય છે. આમ આત્મપ્રાપ્તિ દ્વારા આપણી સઘળી શોધ કૃતાર્થ થઈ જ જાય છે.

આ આત્મપ્રાપ્તિનો માર્ગ છે? હા છે! તે માર્ગનું નામ છે અધ્યાત્મપથ અને તે વિદ્યાનું નામ છે : અધ્યાત્મવિદ્યા.

હવે આપણે સમજીએ કથા એટલે શું?

કથા એટલે વાર્તા? ના, કથા એટલે વાર્તા નહીં.

કથા એટલે ઇતિહાસ? ના, કથા એટલે ઇતિહાસ પણ નહીં.

ઇતિહાસ અને વાર્તાના સમન્વયથી જે બને તે કથા છે!

ઐતિહાસિક તત્ત્વોનો આધાર લઈને તેને વાર્તાનું સ્વરૂપ આપવામાં આવે ત્યારે તે 'કથા'નું સ્વરૂપ ધારણ કરે છે. હવે પ્રશ્ન છે : અધ્યાત્મની કથા એટલે શું? કથાના માધ્યમથી અધ્યાત્મનાં તત્ત્વો અભિવ્યક્ત થાય તો તેવી કથાને અધ્યાત્મકથા કહેવામાં આવે છે. કથાના માધ્યમથી અધ્યાત્મ તત્ત્વો અભિવ્યક્ત થઈ શકે? હા, થઈ શકે. આપણા ભારતવર્ષમાં એવી અપરંપાર કથાઓ રચાઈ છે, જેમના માધ્યમથી અધ્યાત્મનાં તત્ત્વો અભિવ્યક્ત કરવા માટે માધ્યમ બની શકે છે. મહાભારત, રામાયણ, પુરાણો આવી કથાઓથી ભરપૂર છે.

અધ્યાત્મની આ કથાઓ મર્મકથાઓ પણ બની શકે? હા, બની

શકે. મર્મ એટલે રહસ્ય! જે કથા દ્વારા રહસ્ય અભિવ્યક્ત થાય તે કથાને મર્મકથા કહે છે અને જે કથાઓ દ્વારા અધ્યાત્મવિદ્યાનાં રહસ્યો અભિવ્યક્ત થાય તેવી કથાઓ અધ્યાત્મની મર્મકથાઓ ગણાય છે. તદનુસાર અહીં આ ગ્રંથમાં અધ્યાત્મની મર્મકથાઓ સંગ્રહિત થયેલ છે.

જે જ્ઞાન આપણે પ્રાપ્ત કરીએ છીએ તે જ્ઞાન બીજાને આપ્યા વિના જ ચાલ્યા જઈએ તો ઋષિઋણ રહી જાય છે. જે પામ્યા છીએ તે આપીને જઈએ – આ શુભ પરંપરા છે. અમને મળ્યું તે સૌને મળે, તેવા શુભભાવથી અમે કલમ ઉપાડી છે અને સદ્ગુરુની આજ્ઞાથી ઉપાડી છે. તદનુસાર આ લેખનકાર્ય દ્વારા ગુરુદેવની આજ્ઞાનું પાલન થાય છે અને ઋષિઋણથી મુક્ત પણ થવાય છે.

અધ્યાત્મપથ સાધનાની સાથે અધ્યાત્મપથની સમજ પણ હોય તે પરમ આવશ્યક છે. સમજના પ્રતાપથી આપણે અનેક સમસ્યાઓમાંથી બચી શકીએ છીએ. અનેક સમસ્યાઓ સમજના અભાવમાં પ્રગટ થાય છે અને સમજ દ્વારા તેમનું નિરાકરણ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મપથની સમજ પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધનો છે.

૧. સદ્ગુરુનું માર્ગદર્શન

૨. સત્સંગ

૩. અધ્યાત્મગ્રંથોનો સ્વાધ્યાય

આ લઘુગ્રંથ દ્વારા અધ્યાત્મપથના કોઈ પથિકોની સમજમાં વધારો થશે તો અમને તેનો આનંદ છે.

જીવન એક રહસ્ય છે. સમસ્યા ક્યારે ક્યાંથી પ્રગટ થાય છે અને તેનું નિરાકરણ ક્યાંથી કેવી રીતે મળશે તે આપણે અગાઉથી જાણી શકતા નથી, પરંતુ અમારી એવી શ્રદ્ધા છે કે ઉપરવાળો ઉપર બેઠોબેઠો સૌ સાધકોની સંભાળ રાખે છે. તે સમસ્યા પણ આપે છે અને સમસ્યાનું નિરાકરણ પણ આપે છે. સમસ્યાનું પ્રાગટ્ય અને સમસ્યાનું નિરાકરણ આ પ્રગતિની પ્રક્રિયાનો એક ભાગ છે.

અધ્યાત્મપથના પથિકો! તમે મૂંઝાશો નહીં. સમસ્યા આવે ત્યારે શાંતભાવે શ્રદ્ધા રાખજો કે સમયાસ્યાનું નિરાકરણ પણ મળી જશે અને સમસ્યાનું પ્રાગટ્ય અને નિરાકરણ કાંઈક આપીને જશે.

પ્રત્યેક સમસ્યા જીવનવિકાસનું એક સોપાન છે તેવી શ્રદ્ધા રાખજો.

માનવી સતત કાંઈક પામવા મથે છે અને તે મળી જાય ત્યારે લાગે છે કે આમાં તો કાંઈ જ નથી. હું આને પામવા માટે પ્રયત્નશીલ ન હતો. એક એવું તત્ત્વ છે, જે પામ્યા પછી કશું જ પામવાનું બાકી રહેતું નથી. તે શું છે? તે છે પરમ! અને તેને પામવાનો પંથ છે, અધ્યાત્મપથ!

બધું જ મળે અને તે ન મળે તો કાંઈ જ મળતું નથી. અને કાંઈ જ ન મળે અને તે મળે તો બધું જ મળી જાય છે. આ પ્રતીતિ અધ્યાત્મયાત્રાનો પ્રારંભ છે!

જે ચાલશે તે પહોંચશે. જે દ્વાર ખખડાવશે તેમના માટે દ્વાર ખૂલશે.

અધ્યાત્મપથ એવો પથ છે, જે ચાલશે તે જ સમજશે અને જેમજેમ ચાલતો રહેશે તેમતેમ વધુ ને વધુ સમજતો જશે.

અને આખરે?

યાત્રા પણ વિરમી જાય છે અને સમજ પણ વિરમી જાય છે. રહે છે માત્ર તે પરમનો પ્રકાશ.

આ પુસ્તકની રચનામાં અમને અનેક મહાનુભાવોના અનેક ગ્રંથોની સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકારી કરીએ છીએ.

સૌને વંદન! સૌનો આભાર!

– ભાણદેવજી

# અર્જુનજીની કૃષ્ણપ્રીતિ

એક વાર દ્રૌપદીને મદ થયો છે. દ્રૌપદી તો જાજરમાન સ્ત્રી છે, સતી-સાધ્વી સ્ત્રી છે, બુદ્ધિમતી અને ભગવાન શ્રીકૃષ્ણનાં ધર્મભગિની છે. તેમને મદ હોય? હા, તેમને અર્થાત્ દ્રૌપદીને પણ મદ હોય! માનવી છીએ અને તદનુસાર માનવીમાં માનવસહજ મર્યાદાઓ પણ હોય જ! દ્રૌપદીને એક વાર મદ થયો છે!

શાનો મદ થયો છે?

કેવો મદ થયો છે?

દ્રૌપદીના ચિત્તમાં ભમરો પ્રવેશી ગયો છે!

હું શ્રીકૃષ્ણની ધર્મભગિની છું. શ્રીકૃષ્ણ મારા સખા છે, બંધુ છે! મારી લજ્જાના રક્ષણ માટે તો દ્વારિકાથી દોડ્યા-દોડ્યા આવ્યા હતા અને છતાં હમણાં-હમણાં આ મારા બંધુ, મારા સખા અર્જુન પાછળ તો ઘેલા-ઘેલા થઈ ગયા છે! આ જુઓ ને! રાજરાજેશ્વર કૃષ્ણ અર્જુનના રથના સારથિ થઈ ગયા. સારથિ થયા તો ભલે થયા. તેમના થકી જ અમને આ મહાભારતના યુદ્ધમાં

વિજય નિશ્ચિત થયો છે! તે તો છે જ! પરંતુ ભગવાન શ્રીકૃષ્ણને અર્જુન માટે આટલો અપ્રતિમ, આટલો અદ્વિતીય પ્રેમભાવ કેમ અનુભવાય છે? શ્રીકૃષ્ણને અર્જુન માટે આટલું બધું કેમ લાગી આવે છે? અમે કાંઈ અર્જુનજીથી ઓછા છીએ!

પ્રેમીજનોને ક્વચિત્ પ્રેમનું પણ માન થાય છે; પ્રેમને પણ મદ ઊભો થાય છે! દ્રૌપદીને પણ મદ થયો છે. મનમાં શંકા ઊભી થઈ છે – ભગવાનને અર્જુનજી માટે મારાથી પણ અધિક પ્રેમ કેમ? મારો બીજો નંબર કેમ?

ભગવાન તો ભક્ત મદહારી છે. દ્રૌપદીજી પણ ભક્ત છે. તેમના મદનું નિવારણ થવું જ જોઈએ!

એક વાર અર્જુનજી પોતાના મહેલના પોતાના શયનખંડમાં નિદ્રાવસ્થામાં અવસ્થિત છે. તેમના લાંબા, કાળા, સુંદર કેશ નીચે લટકી રહ્યા છે. ખંડમાં અર્જુનજીની બાજુમાં એક આસન પર દ્રૌપદીજી બિરાજમાન થાય છે. અચાનક ભગવાન શ્રીકૃષ્ણ ખંડમાં પ્રવેશ કરે છે. ભગવાન અર્જુનજીને શયનાવસ્થામાં અને દ્રૌપદીને આસન પર બેઠેલાં જુએ છે. ભગવાને જોયું કે દ્રૌપદીજીના મદનું નિવારણ કરવા માટે આ જ ઉત્તમ તક છે.

અર્જુનજી તો પલંગ પર સૂતા છે. ભગવાન પલંગની બાજુમાં

ધરતી પર સૂઈ જાય છે. અર્જુનજીના લાંબા વાળ પલંગની બહાર નીચે લટકી રહ્યા છે. ભગવાન ખૂબ ભાવથી તે વાળને હાથથી પકડીને પોતાના કાન પાસે લગાડે છે. વાળમાંથી નાદ આવી રહ્યો છે, 'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે કૃષ્ણ!'

આ રીતે વાળમાંથી નીકળતા આ નાદને સાંભળીને ભગવાન દ્રૌપદીજીને પણ અર્જુનજીના વાળ પાસે કાન મૂકવા કહે છે. દ્રૌપદીજી પણ વાળમાંથી નીકળતા આ નાદને સાંભળે છે :

'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે કૃષ્ણ!'

દ્રૌપદીજી સ્તબ્ધ થઈ ગયાં. નિદ્રાવસ્થામાં પણ વાળમાંથી કૃષ્ણ નામનો નાદ નીકળે છે! અર્જુનજીની કૃષ્ણપ્રીતિ અપ્રતિમ છે. દ્રૌપદીજીનો ગર્વ-મદ ગળી ગયો.

એક વાર ગળી ગયેલો મદ ફરી ફેણ ઊંચી કરી શકે છે. ભગવાન તો કૃપાળુ છે અને ફરી એક વાર દ્રૌપદીના મદનું નિવારણ કરે છે.

મહાભારતનું યુદ્ધ ચાલે છે.

દ્રોણાચાર્ય સેનાપતિ છે. દ્રોણાચાર્યે સપ્તકોઠા વ્યૂહની રચના કરી છે. અભિમન્યુ સેનાપતિ બનીને કોઠાવ્યૂહને ભેદવા માટે તેમાં પ્રવેશ કરે છે. કૌરવસેનાના ઘણા સેનાપતિઓ એકઠા મળીને

દગાથી અભિમન્યુનો વધ કરે છે. અભિમન્યુના વધમાં પ્રધાન ફાળો જયદ્રથનો હતો.

સાંજે અર્જુનને આ સમગ્ર ઘટનાની જાણ થાય છે. આક્રોશપૂર્વક અર્જુન પ્રતિજ્ઞા કરે છે :

'આવતી કાલે સૂર્યાસ્ત પહેલાં હું જયદ્રથનો વધ કરીશ. જો સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનો વધ ન કરી શકું તો અગ્નિમાં પ્રવેશીને બળી મરીશ.'

જયદ્રથ સિંધ દેશનો રાજા હતો. અર્જુનની આ પ્રચંડ પ્રતિજ્ઞા જાણીને તે ડરી ગયો અને તરત સિંધ દેશ જવા માટે તત્પર થયો. દુર્યોધન, દ્રોણાચાર્ય, કર્ણ આદિ પ્રધાન યોદ્ધાઓએ તેને તેમના રક્ષણની બાંયધરી આપી અને તેને રોકી રાખ્યો.

આ બાજુ પાંડવસેનામાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું. સૌથી પહેલી વાત તો એ કે આવા અને આટલા મહાન યોદ્ધાઓના રક્ષાકવચને ભેદીને જયદ્રથ પાસે પહોંચવું કેવી રીતે? અને જયદ્રથ પાસે પહોંચી જ ન શકાય તો તેની હત્યા થાય કેવી રીતે? તો તો અર્જુનને અગ્નિમાં પ્રવેશીને પ્રાણત્યાગ કરવો પડે! પાંડવસેનામાં ભારે ચિંતા ઊભી થઈ.

યુધિષ્ઠિર, ભીમ, સહદેવ, નકુળ, દ્રૌપદી, કુંતાજી – સૌ

ચિંતિત થયાં છે. અરે! ભગવાન શ્રીકૃષ્ણ પણ ચિંતાતુર થયા છે! પાંડવસેનાના કોઈ આગેવાનો રાતભર સૂઈ શક્યા નથી. આખી રાત સૌ ચિંતાતુર બનીને વિચારતાં રહ્યાં અને જયદ્રથ વધનો ઉપાય શોધવા માટે પ્રયત્ન કરતાં રહ્યાં.

પરંતુ અર્જુનજી? અર્જુનજી તો પોતાના તંબુમાં સૂઈ ગયા છે અને ઘસઘસાટ ઊંઘે છે. સૌને નવાઈ લાગી. અર્જુનના જીવનમરણનો પ્રશ્ન છે. અર્જુનના જીવનને કેમ બચાવી લેવું તે માટેની વિચારણા કરતાં અને ઉપાયો શોધતાં અમે સૌ આખી રાત જાગતાં રહ્યાં છીએ; અને અર્જુન? અર્જુન તો ઘસઘસાટ ઊંઘે છે! અર્જુનના જીવન માટે અમને સૌને ચિંતા છે અને અર્જુનના તો મનમાં જ જાણે કાંઈ નથી!

આખરે ભગવાન શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર અને દ્રૌપદી અર્જુનના તંબુમાં જાય છે. અર્જુન તો ગાઢ નિદ્રામાં છે, ઘસઘસાટ ઊંઘે છે.

દ્રૌપદી અર્જુનને ઢંઢોળીને જાગ્રત કરે છે અને કાંઈક ઠપકાના ભાવથી કહે છે :

'અરે! તમારા જીવન અન મરણની સમસ્યા ઊભી થઈ છે. તમારી રક્ષા માટે ચિંતાતુર બનીને આપણા આ ભગવાન શ્રીકૃષ્ણ સહિત અમે સૌ આખી રાત જાગતાં રહ્યાં છીએ અને

તમે ઘસઘસાટ ઊંઘી રહ્યા છો! તમારે તો જાણે કાંઈ મનમાં જ નથી. તમને ઊંઘ કેવી રીતે આવે છે?'

અર્જુનજી તો શાંત અને સ્વસ્થ છે. તેવી જ સ્વસ્થતાથી અર્જુનજી દ્રૌપદીને ઉત્તર આપે છે :

'દેવી! હું ઘસઘસાટ ઊંઘી શકું છું, તેનું એક કારણ છે!'

'કારણ? કયું કારણ?'

'કારણ એ છે કે કૃષ્ણ મારે માટે જાગે છે!'

દ્રૌપદી અર્જુનજીની આ વાણીનો અર્થ સમજી ન શક્યાં. કાંઈક ગૂંચવાઈ ગયાં.

અર્જુનજી આગળ કહે છે, 'જાગતા હોય તેમને શી ચિંતા? તે શા માટે જાગે? તે શા માટે ન સૂવે? મારા માટે શ્રીકૃષ્ણ જાગે છે. મારી રક્ષા માટે શ્રીકૃષ્ણ ચિંતિત છે, જાગતા રહે છે, તો પછી મારે શી ચિંતા? તો પછી મારે શા માટે જાગતા રહેવું પડે? તો પછી હું શા માટે ન સૂઈ શકું? દેવી! પાંચાલી! મારા રથના જ નહીં, પરંતુ મારા સમગ્ર જીવનરથના સારથિ મારા ભગવાન શ્રીકૃષ્ણ છે. મારી ચિંતા તેઓ કરે છે, તેથી હું સર્વથા નચિંત છું.'

દ્રૌપદીજીની આંખ ઊઘડી ગઈ. હવે દ્રૌપદીજી અર્જુનની નિદ્રાનું રહસ્ય પામી ગયાં.

દ્રૌપદીજી સમજે છે : 'મારે તો મારી લજ્જાના રક્ષણ માટે શ્રીકૃષ્ણને પોકાર કરવો પડ્યો હતો. પોકાર સાંભળીને શ્રીકૃષ્ણ આવ્યા હતા. અર્જુનજીને તો વિના પોકાર્યે હાજરાહજૂર છે!'

ફરી એક વાર અને તદનુસાર અંતિમ વાર દ્રૌપદીના ગર્વનું નિવારણ થયું!

•